# માહિતી (મેળવવાનો) અધિકાર અધિનિયમ-૨૦૦૫

નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

# પ્રકરણ-૧

## પ્રસ્તાવના

૧.૧ આ પુસ્તિકા (માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫) ની પાશ્વાદભૂમિકા અંગે જાણકારી.

૧.૨ આ પુસ્તિકાનો ઉદ્દેશ / હેતુ.

૧.૩ આ પુસ્તિકા કઈ વ્યક્તિઓ / સંસ્થાઓ / સંગઠનો વગેરેને ઉપયોગી છે ૧

૧.૪ આ પુસ્તિકામાં આપેલી માહિતીનું માળખું.

૧.૫ વ્યાખ્યાઓ (પુસ્તિકામાં વાપરવામાં આવેલ જૂદા જૂદા શબ્દોની વ્યાખ્યા આપવા વિનંતી)

૧.૬ કોઈ વ્યક્તિ આ પુસ્તિકામાં આવરી લેવાયેલ વિષયો અંગે વધુ માહિતી મેળવવા માંગે તો તે માટેની સંપર્ક વ્યક્તિ.

૧.૭ આ પુસ્તિકામાં ઉપલબ્ધ ન હોય તે માહિતી મેળવવા માટેની કાર્યપધ્ધતિ અને ફી.

# પ્રકરણ-૨ (નિયમ સંગ્રહ-૧)
# સંગઠનની વિગતો, કાર્ય અને ફરજો

**૨.૧ જાહેર તંત્ર ઉદ્દેશ / હેતુ**

રાજ્યની એક પણ અનુસૂચિત જાતિની વ્યક્તિ સામાજિક અન્યાય અને ભેદભાવના કારણે લાચારી ન અનુભવે તે સુનિશ્ચિત કરવી તથા રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓ કોઈ પણ અવરોધ વગર મળી રહે તે બાબતની અધિકારીતા આપવી.

**૨.૨ જાહેર તંત્રનું મિશન / દૂરંદેશીપણું (વિઝન)**

અનુસૂચિત જાતિનો સર્વાંગી વિકાસ

**૨.૩ જાહેર તંત્રનો ટૂંકો ઇતિહાસ અને તેની રચનાનો સંદર્ભ**

બંધારણના અનુચ્છેદ ૪૬ માં દર્શાવ્યા મુજબ પ્રજાના નબળા વર્ગોના અને ખાસ કરીને અનુ.જાતિઓ અને અનુ.જનજાતિઓના શૈક્ષણિક હિતોની અભિવૃધ્ધિ માટે આ જોગવાઇ અનુસાર સમાજના તમામ નાગરિકોને સમાન તક અને મૂળભૂત અધિકારો આપેલા છે. રાજય સરકારે પછાત વર્ગોના અને રાજયના નબળા વર્ગોના હિતોનીવૃધ્ધિ માટે ધણી બધી યોજનાઓ અને જોગવાઇઓ કરેલ છે. અને કેટલીક યોજનાઓમાં કેન્દ્ર સરકાર આર્થિક સહાય આપે છે.

ગુજરાત સરકારે ઉકત બંધારણીય જોગવાઇઓને અનુલક્ષીને અનુ.જાતિઓના કલ્યાણ માટે નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી દ્વારા વિવિધ યોજનાઓ અમલમાં મૂકી છે. જે મુખ્યત્વે ૪ વિભાગમાં વહેંચવામાં આવી છે.

૧. શૈક્ષણિક યોજનાઓ
૨. આર્થિક ઉત્કર્ષની યોજનાઓ
૩. આરોગ્ય, વસવાટ અને અન્ય યોજનાઓ
૪. નિર્દેશ અને વહીવટ

**૨.૪ જાહેર તંત્રની ફરજો**

સરકારશ્રીની અનુસૂચિત જાતિની કલ્યાણકારી યોજનાઓ જરૂરીયાતમંદ સુધી પહોંચાડવી.

**૨.૫ જાહેર તંત્રની મુખ્ય પ્રવૃતિઓ / કાર્યો**

રાજ્ય સરકારની અનુસૂચિત જાતિના લોકો માટેના શૈક્ષણિક, આર્થિક, સામાજિક, આરોગ્ય અને આવાસને લગતી બાબતોના વિકાસની કામગીરી અત્યાચારના ભોગ બનેલ અનુસૂચિત જાતિના લોકોને સહાય અને ન્યાય આપવામાં મદદગારી કરવી.

**૨.૬ જાહેર તંત્ર દ્વારા આપવામાં આવતી સેવાઓની યાદી અને તેનું સંક્ષિપ્ત વિવરણ**

(૧) શૈક્ષણિક યોજનાઓ

૧. ધો. ૧ થી સ્નાતક, અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમ સુધીની શિષ્યવૃત્તિઓ / લોન

૨. સરકારી છાત્રાલયો /ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો, આદર્શ નિવાસી શાળાઓ, બાલવાડીઓ, આશ્રમશાળાઓ દ્વારા શૈક્ષણિક અને નિવાસી સગવર્ડા.

(૨) આર્થિક ઉત્કર્ષની યોજનાઓ

સ્વતંત્ર ધંધા / વ્યવસાય કરવા માટે લોન / સહાય

(૩) આરોગ્ય અને વસવાટ અને અન્ય યોજનાઓ

(૪) અનુસૂચિત જાતિ / જનજાતિ (અત્યાચાર નિવારણ અધિનિયમ-૧૯૮૯) ની જોગવાઈઓને અનુરૂપ સહાય અને ન્યાય આપવાની કડીરૂપ કામગીરી.

૨.૭ જાહેર તંત્ર રાજય, નિયામક કચેરી, પ્રદેશ, જિલ્લો, બ્લોક વગેરે સ્તરોએ માળખાનો આલેખ (જયાં લાગુ પડતુ હોય ત્યાં)

રાજય કક્ષાની કચેરી - નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર

**જિલ્લા કક્ષાની કચેરી -**

(૧) શહેરી વિસ્તાર માટે : નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ,

(૨) ગ્રામ્ય વિસ્તાર માટે : સમાજ કલ્યાણ અધિકારી, (જિલ્લા પંચાયત)

(૩) તકેદારી અધિકારીશ્રીની ઝોનલ કચેરીઓ : અમદાવાદ, વડોદરા, રાજકોટ

(૪) સરકારી છાત્રાલયો માટે હાઉસ માસ્ટર(વર્ગ-૨) ની કચેરી, અમદાવાદ, ગાંધીનગર, જૂનાગઢ, રાજકોટ, ભાવનગર, વલ્લભવિદ્યાનગર

**તાલુકા કક્ષાએ -સમાજ કલ્યાણ નિરીક્ષક**

૨.૮ **જાહેર તંત્રની અસરકારકતા અને કાર્યક્ષમતા વધારવા માટેની લોકો પાસેથી અપેક્ષાઓ**

યોજનાઓના ઝડપી અને સરળ અમલીકરણ માટે લોકાભિમુખ પ્રમાણિક અને પરિણામલક્ષી બનાવવા, લોકસહયોગ અને પ્રજામત મેળવવો.

૨.૯ **લોક સહયોગ મેળવવા માટેની ગોઠવણ અને પધ્ધતિઓ**

શિબિરો, વર્કશોપ, અનુસૂચિત જાતિના આગેવાનોની મીટીંગ, પરિસંવાદો, સેમીનાર, પ્રદર્શન અને ટેલીવિઝન દ્વારા પ્રચાર

૨.૧૦ **સેવા આપવાના દેખરેખ નિયંત્રણ અને જાહેર ફરિયાદ નિવારણ માટે ઉપલબ્ધ તંત્ર**

આ ખાતા હેઠળની તમામ કચેરીઓ અને નોડલ ઓફિસર

૨.૧૧ મુખ્ય કચેરી અને જૂદા જૂદા સ્તરોએ આવેલી અન્ય કચેરીઓના સરનામા (વપરાશકારને સમજવામાં સરળ પડે તે માટે જિલ્લાવાર વર્ગીકરણ કરો.)

પત્રક સામેલ છે.

૨.૧૨ કચેરી શરૂ થવાનો સમય : **૧૦.૩૦ કલાક**, કચેરી બંધ થવાનો સમય : **૬.૧૦ કલાક**